# સ્વર્ણિમ પાર્કની પેટર્ન મુજબ જ અન્ડર પાસના બે જંકશન ડેવલપ કરાશે

**લેન્ડ સ્કેપીંગ તેમજ પ્લાન્ટેશનના આયોજન સાથે ગ-૪થી ચ-૪ સળંગ પાર્કનુ વિઝન તૈયાર કરવા ડિઝાઇન આખરી કરાશે**

ગાંધીનગર તા ૨૨

શહેરના ઘ અને ગ માર્ગ પર અન્ડર પાસના નિર્માણના અંતે પાર્કનુ સીધુ જોડાણ થાય તે માટે બન્ને જંકશન પર હયાત સ્વર્ણિમ પાર્કની પેટર્ન મુજબ જ કામ હાથ ધરાશે. અલબત્ત પાર્કનુ સળંગ વિઝન આવે તે મુજબ લેન્ડ સ્કેપીંગ તેમજ પ્લાન્ટેશન કરાશે. ટુંકમાં જ આ બન્ને જંકશનો ડેવલપ કરવા માટે ડિઝાઈન પણ આખરી કરી દેવાશે.

ગાંધીનગરના ઘ અને ગ માર્ગ પર અન્ડર પાસ બનાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલ નગરની આગવી ઓળખ સમા ઘ-૪ ના સર્કલને દુર કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જયારે આ વિસ્તારમાં અન્ડરપાસની કામગીરીને અનુલક્ષીને પસાર થતી લાઈનોને પણ અન્યત્ર ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ચ-૪ થી ગ-૪ વચ્ચેના રૂટમાં સ્વર્ણિમ પાર્કમાં એકસુત્રતા જળવાય તે માટે અન્ડરપાસની ઉપર પાર્કનુ નિર્માણ કરવામાં આવશે. જયારે અન્ડરપાસની કાર્યયોજનાને અનુલક્ષીને સ્વર્ણિમ પાર્કને પણ આ બન્ને જંકશન પર ડેવલપ કરવાની યોજના ટુંકમાં તૈયાર કરી દેવાશે. જો કે હયાત પાર્કની પેટર્ન મુજબ જ આ બન્ને જંકશન પર પાર્કનુ કામ હાથ ધરાશે . અલબત્ત જંકશન દુર થતા પાર્કનુ સીધુ જોડાણ થાય તે મુજબની પેટર્ન મુજબ આગળની યોજના તૈયાર કરી કામગીરી હાથ ધરાશે. આગામી દિવસોમાં સ્વર્ણિમ પાર્કમાં નવા આકર્ષણો પણ ઉભેરાય તેવી સંભાવના છે. અગાઉ નવા પ્લાન્ટેશન સહીતના અન્ય આકર્ષણો ઉભા કરવા માટે ડિઝાઈન પણ તૈયાર કરાઈ હતી. પરંતુ આ કાર્યયોજના આખરી ન થતા પાર્કને અનુલક્ષી નવા પ્લાન્ટેશન તેમજ વોટર બોડી સહીતના આયોજનને અંજામ આપી શકાયો ન હતો. આગામી દિવસોમાં પાર્કની રોનક નિખારવા માટે નવતર આયોજન કરવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. પરંતુ અન્ડર પાસના આયોજનને અનુલક્ષી ટુંકમાં જ જંકશન વિસ્તારમાં પણ પાર્કને ડેવલપ કરવા માટે આયોજન હાથ ધરાશે. જયારે હાલના પાર્કની પેટર્ન મુજબ જ આ બન્ને જંકશન પર પાર્ક વિકસાવાશે. તે મુજબ પ્લાન્ટેશન તેમજ લેન્ડ સ્કેપીંગ કરાશે.

# આજે ધો. ૩ થી ૮ ના બાળકોની મૌખિક ભાષા વ્યવહાર અંગેની પ્રિ.ટેસ્ટ લેવામાં આવશે

**૨૫ મી નવેમ્બરથી ૧૬ સપ્તાહ ભાષાદીપ અભ્યાસપોથી દ્વારા લેખન-વાંચન-ગણન માટે ખાસ વર્ગ ચાલશે**

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત સરકારે ગુણોત્સવના પરિણામોમાં બાળકોના નબળા વાંચન-ગણન-લેખનના મૂલ્યાંકન પછી આજે દરેક જિલ્લામાં મૌખિક ભાષા-વ્યવહાર સંપુટના આધારે વાંચન અર્થગ્રહણની પ્રિ.ટેસ્ટ યોજાશે.

રાજ્ય સરકાર દ્વારા આ અંગે ખુબજ ચિંતા સેવી છે તેથી પહેલા મૌખિક ભાષા વ્યવહારની પ્રિ.ટેસ્ટ યોજવામાં આવશે. આમાં જે બાળકો નબળા જણાશે તેમને ભાષાદીપ અભ્યાસપોથી દ્વારા સતત ૧૬ સપ્તાહ સુધી ખાસ અભિયાન ચલાવી સામાન્ય બનાવવામાં આવશે.

શિક્ષણ વિભાગ દ્વારા આ અભ્યાસપોથી તૈયાર કરવા ઉપરાંત મૌખિક ભાષા વ્યવહાર માટેની પણ ખાસ તાલિમ આપવામાં આવી છે.

શિક્ષણ વિભાગ દ્વારા આ અભિયાનને લઈ કરાયેલ એક ખાસ પરિપત્રમાં શાળા શરૂ થતાં પહેલાના અર્ધો કલાક અને આ પછી સાંજના સમયે શાળા છુટ્યા બાદ અર્ધો કલાક એમ ૧૬ કલાક માત્ર ભાષાદીપ અભ્યાસ પોથીમાં સૂચવ્યા મુજબ જ પ્રવૃત્તિઓ કરાવવાની રહેશે.

શિક્ષણ વિભાગ પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા માટે વિવિધ પ્રયોગો કરી રહેલ છે. સરકારે આ વાંચન-ગણન-લેખનમાં બાળકો નબળા કેમ રહે છે તે શોધવાનો પ્રયાસ કર્યો છે એટલુ જ નહિ આ માટે શિક્ષકોને પણ ખાસ તાલિમબદ્ધ કરી બાળકોને શિક્ષણ આપવામાં આમૂલ પરિવર્તન આવે તે માટે ભાષાદીપ અભ્યાસક્રમ પણ તૈયાર કર્યો છે.

શિક્ષણ વિભાગ દ્વારા આજે પ્રિ.ટેસ્ટ લેવાશે અને ૨૫ નવેમ્બરથી ભાષાદીપ અભ્યાસક્રમ આધારિત ખાસ વાંચન અભિયાન હાથ ધરવામાં આવશે. આ ભાષાદીપ અભ્યાસક્રમમાં ગણિતના આંક, ગુજરાતી શબ્દો, વાક્ય લેખન સહિતની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું શિક્ષણ

● અનુસંધાન પાન-૭ પર

# એસ ટી ડેપોમાં તસ્કરોનુ રાજ : કાયદો અને વ્યવસ્થાની ઐસી તૈસી

**રોજબરોજ મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બને છે : સરગાસણની મહીલાનુ દાગીના ભરેલુ પર્સ સેરવી ગઠીયો પલાયન : પોલીસ પહેરાના અભાવ વચ્ચે જાણભેદુ ગઠીયાઓ બિન્દાસ્ત : સલામત સવારીમાં મહીલાઓની સલામતી સામે પ્રશ્ન**

ગાંધીનગર તા ૨૨

અંબાજીથી રાજકોટ જતી બસમાં જાણભેદુ ગઠીયાએ એક મહીલાના પાકીટમાંથી દાગીના ભરેલા બા પાઉચ સેરવી લઈ દાગીના તેમજ રોકડ રકમ સહીત રૂ ૮૫ હજારનો મુદ્દામાલ સેરવી લીધો હતો. આ મામલે સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે. એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીનો મુદ્દો વર્ષોથી રામભરોસે છે. અનેક રજુઆતોના અંતે ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત થતી નથી. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં જ તસ્કર ટોળકી બિન્દાસ્ત બની છે. પાટનગરના ડેપોમાં જ મહીલાઓની સુરક્ષા સામે પ્રશ્નાર્થ મંડરાયો છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામત સવારીમાં બેસવાનુ મુસાફરો માટે મોંઘુ પુરવાર થાય છે. એસ ટી ડેપોમાં ચક્કર લગાવતા જાણભેદુ ગઠીયાઓ તક મળતા જ તસ્કરી કરવા માટે હાથફેરો કરી લે છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં જ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગયેલી છે. એસ ટી ડેપોમાં અવારનવાર બસમાં ચઢતા મુસાફરોના ખિસ્સા કપાય છે. પીક પોકેટીંગ સહીત મોબાઈલ ચોરીનો ભાગે બનતા મુસાફરો બસમાં ચઢતા સાવધ ન રહે તો ખિસ્સુ સલામત રહેતુ નથી. ગઈકાલે એસ ટી ડેપોના પ્લેટફોર્મ નં-૨ પાસે સાંજે ૪ કલાકે એક મહીલા નુ દાગીના ભરેલુ પર્સ કોઈ ગઠીયો ઉઠાવી પલાયન થઈ ગયો હતો.

બનાવની પ્રાપ્ય વિગત અનુસાર સરગાસણ સ્થિત શુકન વિલાસ માં બ્લોક નં - જી ૩૦ માં રહેતા ગીરીરાજસિંહ અજીતસિંહ વાળા તેમની પત્નીને મુકવા માટે સ્કુટર પર એસ ટી ડેપો ગયા હતા. આ દરમિયાન પ્લેટફોર્મ નં -૨ પર અંબાજી રાજકોટની બસમાં તેમના પત્ની રક્ષાબેન બેસવા જતા ભીડનો લાભ ઉઠાવી ગઠીયો તેમના પર્સમાં રહેલા દાગીનાથી ભરેલા બે પાઉચ સેરવી પલાયન થઈ ગયો હતો. જેમાં સોનાના દાગીના સહીત રોકડ રકમ મળીને કુલ ૮૫ હજારના મુદ્દામાલ સેરવી નાસી ગયો હતો. આ અંગે સે-૭ પોલીસે ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. એસ ટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવે મુસાફરો સલામત નથી. અનેકવાર રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ પગલા લેવાતા નથી નિર્દોષ મુસાફરો તસ્કરીનો ભોગ બની રહ્યા છે.



શિયાળાના પ્રારંભે ઉગતા સૂર્યની આભા અનેરી હોય છે. આકાશ લાલ અને નારંગી રંગોથી છવાઈ જાય છે. પ્રદૂષણની આભડછેડ વિનાના અબોટ સૌંદર્ય ધરાવતા આ શહેરમાં દરેક ઋતુનો એક અલગ જ મિજાજ જોવા મળે છે.

# રૂપાણી શહેરમાં અને નીતિનભાઈ ઈસંડ ખાતે શાળા-આરોગ્ય ચકાસણીનો આરંભ કરાવશે

ગાંધીનગર, તા. ૨૨

આગામી ૨૫મી નવેમ્બરથી શરૂ થઈ રહેલ શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમનો રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગર શહેરમાં તો નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ કલોલ તાલુકાના ઈસંડ ગામે તેનો પ્રારંભ કરાવશે.

જિલ્લામાં ૩ લાખ ૨૧ હજારથી વધુ બાળકોને આ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવનાર છે. તો ગાંધીનગર શહેરમાં ૬૦ હજારથી વધુ બાળકોને આ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવનાર છે.

શહેર અને જિલ્લામાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી આવી રહ્યા હોવાથી મનપા, પંચાયત તેમજ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ અંગેની તૈયારીઓ આજથી જ આરંભી દેવામાં આવી છે.

મળતી વિગતો મુજબ કાલે સવાર સુધીમાં મુખ્યમંત્રી કઈ સ્કૂલમાં જશે તે અંગેનો નિર્ણય લેવામાં આવશે. બીજી તરફ આજે આરોગ્ય તંત્રના અધિકારીઓએ ઈસંડની મુલાકાત લઈ લીધી છે.

શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ એ આરોગ્ય વિભાગનો અતિ મહત્વકાંક્ષી કાર્યક્રમ છે. ૧૯૯૫થી આ કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે. બાળકો જે બિમાર મળે છે તેની સારવારનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે.

# ઓનલાઈન એટેન્ડેન્ટ સિસ્ટમનો તલાટી મંડળ દ્વારા વિરોધ

**પંચાયત કેડરના તલાટીઓને કેટલાક ગામોમાં તો નેટવર્ક કવરેજ જ આવતુ નથી તેથી આ પ્રથા અયોગ્ય હોવાનુ કહી વિરોધ કર્યો**

ગાંધીનગર, તા. ૨૨

૨૫ મીથી તલાટીઓની ઓનલાઈન હાજરી પ્રથા શરૂ કરવાના નિર્ણય સામે તલાટી મંડળે વિરોધ નોંધાવી મહામંડળના આદેશ વિના કોઈ આદેશનો અમલ ન કરવા સૂચનાઓ અપાઈ.

રાજ્યસરકારે આણંદમાં આ પાયલોટ પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. આ પછી સરકારે હવે રાજ્યભરમાં તે અમલી બનાવવાનો નિર્ણય કરી ડી.ડી.ઓ.ને આ અંગેની સૂચનાઓ આપી છે.

મળતી વિગતો મુજબ રેવન્યુ તલાટીઓ માટે આવો કોઈ આદેશ નથી બીજુ પંચાયત કેડરના તલાટીઓને કેટલાક ગામોમાં તો નેટવર્ક કવરેજ જ આવતુ નથી તેથી આ પ્રથા અયોગ્ય હોવાનુ કહી વિરોધ કર્યો છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં ક્યાંય ઓનલાઈન પ્રથા છે નહિ તો તલાટીઓને આની કેમ ફરજ પડાઈ રહી છે તે સામે પણ મહામંડળે વિરોધ દર્શાવ્યો છે.



પરિશ્રમના પ્રસ્વેદનો આનંદ અનેરો હોય છે. કલાકો સુધી અથાગ મહેનત કર્યા બાદ જે મૂડી મળે છે તે છે શાંતિની ઉંઘ. સિવિલ હોસ્પિટલની પાળી ઉપર ઘસઘસાટ નિંદર માણતો આ વ્યક્તિ ભલભલાને ઈર્ષ્યા કરાવે છે.

# દિલ્હીની ટીમ રાજકોટ એઈમ્સ હોસ્પિટલની મુલાકાતે

રાજકોટ,તા.૨૨

રાજકોટ શહેરના જામનગર રોડ પર ખંઢેરી ગામ પાસે એઈમ્સ હોસ્પિટલનું નિર્માણ થઈ રહ્યું છે. જેને પગલે દિલ્હીથી એઈમ્સના કેટલાક અધિકારીઓ રાજકોટ આવી પહોંચ્યા હતા અને સ્થળની મુલાકાત કરી હતી. આ દરમિયાન પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજનાના ડાયરેક્ટર ડૉ.સંજય રોય અને એડિશનલ ડાયરેક્ટર મેડિકલ એજ્યુકેશન ડૉ.આર. દીક્ષિતે સંયુક્ત રીતે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે, રાજકોટ એઈમ્સ હોસ્પિટલ ખાતે સુપર સ્પેશિયાલિટી બ્લોકનું ટૂંક સમયમાં લોકાર્પણ કરવામાં આવશે અને ૨૦૨૦થી એઈમ્સ હોસ્પિટલની ૫૦ બેઠકની પહેલી બેચ શરૂ કરવામાં આવશે.

દિલ્હીથી આવેલા એઈમ્સના અધિકારીઓએ સ્થળ મુલાકાત લીધા બાદ રાજકોટ સિવિલ

● અનુસંધાન પાન-૭ પર

# ૦ થી ૫ વર્ષના ૫૦ ટકા બાળકો હજુ પણ આધાર કાર્ડ ધરાવતા નથી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ૦ થી ૫ વર્ષની વયના બાળકોના આધાર કાર્ડનું જનરેટ ઓછુ અને ધીમી ગતિએ ચાલતુ હોવાથી રાજ્ય સરકારે નારાજગી વ્યક્ત કરી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૦ થી ૫ વર્ષની વયના બાળકોની સંખ્યા ૧.૨૫ લાખ જેટલી છે જેની સામે હજુ માત્ર ૬૦ હજાર જેટલા બાળકોના જ આધાર કાર્ડ જનરેટ થયા છે.

જિલ્લામાં આંગણવાડી સહિતના બાળકોનું આધાર કાર્ડ રજીસ્ટ્રેશન માટે આંગણવાડી કાર્યકરોને ખાસ ટેબ્લેટ પણ આપવામાં આવ્યા હતા. પરંતુ હજુ સુધીમાં માત્ર ૫૦ ટકા જેટલી જ કામગીરી થઈ હોવાથી સરકારે નારાજગી વ્યક્ત કરી છે.

રાજ્ય સરકારના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાનો ક્રમ આ બાબતમાં ૧૭મો આવે છે. સરકારે ૩૧ માર્ચ સુધીમાં ૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધ થાય તે રીતે ખાસ કેમ્પો યોજી અને કામગીરીમાં ગતિ લાવવા માટે તાકીદ કરી છે.

સરકારે નબળી કામગીરીને લઈ પકડેલા કાન પછી તંત્ર દ્વારા આગામી સપ્તાહમાં આ અંગેનો આખો રોડમેપ તૈયાર કરી રજુ

**૩૧ માર્ચ સુધીમાં ૧૦૦ ટકા કામગીરી કરવા સરકારની કડક સૂચનાઓ**

કરવાની સૂચનાઓ જારી કરવામાં આવી છે. આ માટે જરૂરી કીટ પણ તાત્કાલિક ઉપલબ્ધ બને તે માટે તંત્રને ખાસ સૂચનાઓ સરકારે આપી હોવાનુ પણ સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે.

સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે કે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં આ કામગીરી ૬૦ ટકાથી વધુ થઈ છે જ્યારે કેટલાક જિલ્લામાં આ કામગીરી ૪૦ થી ૬૦ ટકાની વચ્ચે છે. રાજ્ય સરકારે તમામ જિલ્લાઓને આ કામગીરી ૩૧ માર્ચ સુધીમાં પૂર્ણ કરવાની સૂચનાઓ સાથે કડક તાકીદ કરી છે.

# ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશનની ટીમે મનપાની કામગીરી નિહાળી

**આ ટીમ અમદાવાદ મહાનગરપાલિકાની પણ મુલાકાત લેનાર છે**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાની કાર્યપદ્ધતિ અંગે આજે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશન ન્યુ દિલ્હીના એક ડેલિગેશને લીધી હતી.

૬ સભ્યોના બનેલા આ પ્રતિનિધિ મંડળ સવારથી જ મનપાની કચેરી ખાતે આવી પહોંચ્યુ હતુ. તેણે મનપાની વિવિધ શાખાઓ દ્વારા થઈ રહેલી કામગીરીને નિહાળી હતી. આ સંદર્ભમાં મનપાના કમિશનરશ્રી દ્વારા એક વિશેષ પ્રેઝન્ટેશન પણ ડેલિગેશનને બતાવ્યુ હતુ.

આ ડેલિગેશનને મનપા દ્વારા સ્માર્ટસીટી યોજના અંતર્ગત હાથ ધરાયેલ ઈન્ટીગ્રેટેડ કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટરનો પણ બતાવવામાં આવ્યુ હતુ. જેના થકી શહેરના ટ્રાફિક કંટ્રોલ સહિત કેવી રીતે અન્ય પ્રશ્નો પર નજર રખાય છે તે જોઈ આ ટીમ પ્રભાવિત થઈ હતી.

આ ટીમ અમદાવાદ મહાનગરપાલિકાની પણ મુલાકાત લેનાર છે. સનદી સેવા માટે પસંદ થયેલા અને સંયુક્ત સચિવ સુધીના ગ્રેડમાં પહોંચેલા આ અધિકારીઓ તેમનો અહેવાલ શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને સેવા અંગે અભ્યાસ કરી પોતાનો અહેવાલ આપનાર છે.

# ચેક રીટર્નના કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદની સજા

ગાંધીનગર તા ૨૨

ધંધાના કામકાજ અર્થે નાણાકીય જરૂરિયાત ઉભી થતા આપેલી રૂ ૯.૩૦ લાખની લેંણી રકમનો ચેક બેંકમાંથી પરત થતા

**રૂ ૯.૩૦ લાખનો ચેક પરત થતા ગાંધીનગર કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી**

ગાંધીનગર કોર્ટે આરોપીને બે વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. જયારે આરોપીને રૂ ૯.૩૦ લાખનુ વળતર ચુકવી આપવા માટે પણ કોર્ટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર વાસણા હડમતિયા ગામમાં શ્રી રંગ પાર્કમાં રહેતા ભરત અંબાલાલ પટેલ ખેતી તેમજ નોકરી કરી પોતાના પરિવારનુ ગુજરાન ચલાવે છે. જયારે તેઓ સે- ૬ સ્થિત મેડિકલની દુકાનમાં નોકરી કરે છે. જયારે સરગાસણ ખાતે રાજપુત વાસમાં રહેતા શિવરાજજી પોપટજી વાઘેલા મેડિકલની દુકાને અવારનવાર આવતા હોવાથી તેમની સાથે ઓળખાણ થઈ હતી. જયારે આ ઓળખાણના સંબંધે આરોપીએ ધંધાના કામકાજમાં નાણાંકીય જરૂરીયાત ઉભી થતા રૂ ૯.૩૦ લાખ ઉછીના માંગ્યા હતા. જયારે ભરતભાઈએ આ રકમ ટુકડે ટુકડે આપી હતી. જયારે ઓરાપીએ આ રકમ તેમને ૬ માસમાં પરત કરવાનો ભરોસો પણ આપ્યો હતો. જયારે ૬ માસની મુદત પુરી થતા ભરતભાઈએ લેંણી રકમની ઉઘરાણી ચાલુ કરી હતી. આ વેળાએ આરોપીએ જમીનના પૈસા આવતા તેમની રકમત ચુકવી દેશે તેમ જણાંવ્યુ હતુ. જયારે થોડાસમય બાદ ફરિયાદીને આરોપીએ લેંણી રકમનો ચેક આપ્યો હતો. આ ચેક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઈન્ફોસીટી બ્રાન્ચમાં જમા કરાવતા અપુરતા ભંડોળના લીધે બેંકમાંથી ચેક પરત થયો હતો. ત્યારબાદ પણ આરોપીએ લેંણી રકમ ચુકવી ન હતી જયારે આ મામલે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ નેગોશીએબલ એકટની

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ
હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે,
સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com